# કટોકટીમાં પ્રાથમિકતા સાથેનો નવો વર્ગ અને ટ્રાન્સફરની પ્રક્રિયા

કટોકટીમાં પ્રાથમિકતા સાથેની ટ્રાન્સફર માટે કોણ અરજી કરી શકે?
ટ્રાન્સફરની વિનંતી ભાડૂત (પટ્ટાધારક) દ્વારા જ કરવામાં આવવી જોઈએ.

કટોકટીમાં પ્રાથમિકતા સાથેની ટ્રાન્સફર માટે હું કેવી રીતે અરજી કરી શકું?
આપ કોઈ પણ સમયે તથા ટૉરન્ટો કમ્યુનિટિ હાઉસિંગના કોઈ પણ કાર્યાલય પર કટોકટીમાં પ્રાથમિકતા સાથેની ટ્રાન્સફર માટે વિનંતી કરી શકો છો. જ્યારે આપ ટ્રાન્સફરની વિનંતી કરો ત્યારે તમારે કોઈ અરજી કે દસ્તાવેજો સુપ્રત કરવાની જરૂર નથી. એક ઈનટેક સ્પેશિયાલિસ્ટ આપને આપની અરજી ભરવામાં અને સહાયક દસ્તાવેજો એકત્ર કરવામાં મદદ કરશે. હવે પછીના પાન પર ડાયાગ્રામ આ પ્રક્રિયાને વર્ણવે છે.

કટોકટીમાં પ્રાથમિકતા સાથેની ટ્રાન્સફર માટે કોણ લાયક છે?
લાયક સાબિત થવા માટે આપ અથવા ઘરના કોઈ અન્ય સભ્ય નીચેના છ પૈકીના કોઈ એક વર્ગમાં આવતા હોવા જોઈએ:

1. છેલ્લા છ મહિનામાં આપ જ્યાં રહેતા હો તે સંપત્તિ પર થયેલા આઘાતજનક બનાવના ભોગ બન્યા હો
2. છેલ્લા છ મહિનામાં આપના એકમમાં આઘાતજનક બનાવના સાક્ષી હો
3. છેલ્લા છ મહિનામાં આપ જ્યાં રહેતા હો તે સંપત્તિ પર થયેલા આઘાતજનક બનાવથી ઘરના અન્ય સભ્ય પીડાયા હોય તેના સાક્ષી હો
4. છેલ્લા ત્રણ મહિનામાં ધાકધમકીનો ભોગ બનનાર પીડિત વ્યક્તિ
5. છેલ્લા ત્રણ મહિનામાં ધાકધમકીનો ભોગ બનનાર સાક્ષી
6. વિકલાંગતા ધરાવતી વ્યક્તિ અથવા ઑન્ટારિયો માનવ અધિકાર સંહિતા હેઠળ આરક્ષિત સ્થિતિમાં હોય એવી વ્યક્તિ, જ્યાં કોઈનો સમાવેશ કરવાની ફરજ માત્ર ટ્રાન્સફરની પ્રક્રિયાથી જ પૂરી થઈ શકે એમ હોય

હું લાયક છું કે નહિ તેની ટૉરન્ટો કમ્યુનિટિ હાઉસિંગને કેવી રીતે જાણ થશે?
પોલીસ, તબીબી પ્રૉફેશનલ પાસેથી જરૂરી દસ્તાવેજો અથવા અન્ય કોઈ પણ જરૂરી દસ્તાવેજો એકત્ર કરવા માટે એક ઈનટેક સ્પેશિયાલિસ્ટ તમારી સાથે કામ કરશે.

મારી અરજીની સ્થિતિ વિશે હું વધારે માહિતી ક્યાંથી મેળવી શકું?
જ્યારે આપ કટોકટીમાં પ્રાથમિકતા સાથેની ટ્રાન્સફરની વિનંતી કરો ત્યારે આપ એક EasyTrac (ઈઝીટ્રૅક) નંબર મેળવશો. એક ઈનટેક સ્પેશિયાલિસ્ટ કામકાજના બે દિવસોની અંદર આપનો સંપર્ક કરશે ઈનટેક સ્પેશિયાલિસ્ટ હવે પછીનાં પગલાંઓની ચર્ચા કરશે અને પોતાનો સંપર્ક કરવા માટેની વિગતો આપને આપશે, જેથી આપની ટ્રાન્સફરની વિનંતી બાબતે આપ તેમની સાથે ફૉલો-અપ (અનુવર્તી કાર્યવાહી) કરી શકો.

# કટોકટીમાં પ્રાથમિકતા સાથેની ટ્રાન્સફર માટે અરજી કરવી

**ભાડૂતો નીચેનાં માધ્યમોથી કટોકટીમાં પ્રાથમિકતા સાથેની ટ્રાન્સફર માટે વિનંતી કરે છે**

*જો જરૂરી જણાય તો સ્ટાફ ભાડૂતને તાત્કાલિક અને/અથવા કામચલાઉ સહાયતા કે આશ્રય માટેની સેવાઓ વિશેની માહિતી પરી પાડશે*

**ભાડૂત પોતાની વિનંતી ટ્રૅક કરી શકે તે માટે એક EasyTrac (ઈઝીટ્રૅક) નંબર મેળવશે**

**ઈનટેક સ્પેશિયાલિસ્ટને કટોકટીમાં પ્રાથમિકતા સાથેની ટ્રાન્સફરની વિનંતી મળે છે**

**અરજી અને પરિસ્થિતિની ચર્ચા કરવા માટે ઈનટેક સ્પેશિયાલિસ્ટ ભાડૂતને મળે છે**

*ઈનટેક સ્પેશિયાલિસ્ટ ભાડૂત તરફથી કોઈ પણ વ્યક્તિનો સંપર્ક કરતાં પહેલાં ભાડૂત તરફથી સંમતિ મેળવશે*

**ઈનટેક સ્પેશિયાલિસ્ટ દસ્તાવેજો મેળવવા અને અરજી પૂરી કરવા માટે ભાડૂત, સ્ટાફ અને ભાગીદારો (દા.ત. પોલીસ) સાથે કામ કરે છે**

**ઈનટેક સ્પેશિયાલિસ્ટ અરજીની સમીક્ષા કરશે, નિર્ણય લેશે અને ભાડૂતને મૌખિકમાં અને લેખિતમાં જાણ કરશે**

*જો મંજૂરી મળે તો ઈનટેક સ્પેશિયાલિસ્ટ કુટુંબને ત્રણ જેટલા એકમોમાંથી પસંદગી કરવાનો પ્રસ્તાવ આપશે*